**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૪૬ ટકા

# ગૃહ સજાવટની ચીજવસ્તુઓ ખરીદવાનો વધતો ક્રેઝ

## કોરોનાકાળમાં મુરઝાયેલ બજાર માટે દિવાળી બનશે લાઈફલાઈન : દિવાળી પર્વ નિમિત્તે ફૂટપાથ પર ગૃહ સુશોભનની વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ શરૂ

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં દિવાળીનો માહોલ ધીમે ધીમે રંગ પકડી રહ્યો છે. શહેરના ફૂટપાથ પર રંગબેરંગી ગૃહ સુશોભનની ચીજવસ્તુઓ મળી રહી છે. જેમાં ઝુમર, ફૂલદાની, પેઈન્ટિંગ્ઝ, તોરણો, દિપાવલીમાં ઉપયોગી થાય તેવી તમામ નાની-મોટી ચીજવસ્તુઓનું ફૂટપાથ પર વેચાણ ચાલી રહ્યું છે. જેમાં શહેરીજનો તેની ખરીદી પણ કરતા જોવા મળી રહ્યા છે.

કોરોના અને લોકડાઉનને કારણે અર્થતંત્ર ઠપ્પ થઈ ગયું હતું. અનલોકમાં એ કાચબા ગતિએ આગળ વધી રહ્યું છે ત્યારે હિંદુઓનો સૌથી મોટો તહેવાર દિવાળી બજારો માટે આશાનું અજવાળું લઈને આવી છે. દિવાળીનો માહોલ ધીમે ધીમે જામી રહ્યો છે. નાગરિકો અવનવી વસ્તુઓની ખરીદી કરી રહ્યા છે. અલબત્ત દર વર્ષ કરતાં આ વર્ષે દિવાળી પૂર્વે બજારમાં જોઈએ એવી રોનક નથી, પરંતુ આ સમયમાં મામુલી તેજી પણ બજાર માટે ખુશખબર જેવી કહી શકાય. ગરીબ તથા મધ્યમવર્ગ આર્થિક ભીંસમાં હોવાથી સોના-ચાંદી, કાર, ટુ વ્હીલર કે ઈલેક્ટ્રોનિક્સ જેવી કિંમતી ચીજવસ્તુઓની ખરીદી પ્રમાણમાં ઓછી જોવા મળી રહી છે. જ્યારે દિવાળી પર ગૃહ સુશોભનની સદીઓની પરંપરા નિભાવવા માટે પોતાની પસંદ અનુસાર દિવડાઓ,



તોરણ, રંગોળી, શો-પીસ, વોલ પેઈન્ટિંગ્ઝ, માછલી ઘર વગેરે ચીજવસ્તુઓની ઉમંગભેર ખરીદી કરી રહ્યા છે. ૧૦૦ રૂપિયાથી ૫૦૦ રૂપિયા સુધીની શ્રેણીમાં આકર્ષક તોરણોનું સારું વેચાણ થઈ રહ્યું છે. હાથ બનાવટની ઘણી, સુશોભનની વસ્તુઓ ટ્રેન્ડિંગ બની છે. રંગોળીના સ્ટીકર, કંદીલ, કલમ વગેરેની પરચૂરણ ખરીદીથી બજારમાં અચ્છે દિન આવવાના શુકન થયા હોય તેવી આશા જન્મી છે.

દિવાળીના પર્વમાં ઘરની સજાવટ એ અનિવાર્ય છે. માટે જ અન્ય વસ્તુઓ સાથે ડેકોરેટિવ્સ વસ્તુઓની ખરીદીને ગૃહિણીઓ પ્રાધાન્ય આપે છે. શહેરના બજારો ઉપરાંત અલગ અલગ સ્થળોએ ગૃહિણીઓની ચહલ પહલ ધીમે ધીમે વધી રહી છે. ગાંધીનગરના અનેક ફૂટપાથ પર વિવિધ વેરાયટીના ફલાવર પોટ, હાંડી પોટ, પનીહારી, વોલપીસ, કડાસેટ, ફાનસ, આર્ટિફિશિયલ ફલાવર, રજવાડી ફલાવર પોટ, રજવાડી સ્ટેન્ડ, ફ્રેમ, છત પર લગાવવાની ક્રિષ્ટલ લાઈટસ ઉપરાંત શંકર ભગવાન, ગણેશજી, લક્ષ્મીજી, રાધા કૃષ્ણ અને અન્ય દેવી દેવતાની મૂર્તિઓની ડિમાન્ડ ચાલી રહી છે. જો કે આ વર્ષે મોંઘવારીના કારણે મંદીની અસર ખરીદી પર જોવા મળે તેવું લાગી રહ્યું છે.

દિવાળીના પર્વમાં ગૃહિણીઓ સુશોભનની વસ્તુઓથી ગૃહોને શોભાયમાન કરતા હોય છે. આથી જ પ્રકાશ પર્વમાં ડેકોરેટિવ્સ વસ્તુઓનું બજાર ગરમ રહે છે. દિવાળી પર્વ જેમ જેમ નજીક આવી રહ્યું છે તેમ તેમ ગૃહ સુશોભનને લગતી વસ્તુઓની ખરીદી માટે ગ્રાહકો બજારમાં જોવા મળી રહ્યા છે. આ વર્ષે કોઈ નવી વેરાયટી આવી નથી. પરંતુ વોલપીસ, ભગવાનની મૂર્તિ, ફલાવર પોટ, વ્હીલચેઈન, ફલોટિંગ કેન્ડલ, એલઈડી તેમજ સાઉન્ડ મ્યુઝિકવાળા ઝુમ્મર, રાજસ્થાની આર્ટના શો-પીસ સહિતની વસ્તુઓની ડિમાન્ડ જોવા મળી રહી છે.

## જન્મદિને વધામણી



આરતીબેન બાબુભાઈ નાયી



કરણ રામી
મો. ૯૨૬૫૧ ૦૨૮૪૪



સાહિલ ઝાલા
મો. ૭૫૬૭૦૫૬૩૮૨



હેતલબેન જી શર્મા
મો. ૯૦૩૩૬ ૧૨૦૩૬

# સે-૨૯માં વેકસીનના ૧૦૦ કરોડ ડોઝની ઉજવણી



ગાંધીનગર સેક્ટર-૨૯માં અર્બન હેલ્થ સેન્ટર ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા દેશમાં કોરોના વેકસીનના ૧૦૦ કરોડ ડોઝ અપાયાની ઉજવણી કરવામાં આવી હતી. ભાજપ યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રશાંત કોરાટના હસ્તે કેક કટીંગ કરીને ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના હેલ્થ ઓફીસર ડૉ. કલ્પેશ ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

# મધુર ડેરીમાં શરદ પૂનમે ગરબા કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૧

મધુર ડેરીના પ્રાંગણમાં મધુર પરિવારના કર્મચારી પરિવારનો ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજયના સહકારમંત્રી જગદીશભાઈ પંચાલ તથા દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર અને મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા માતાજીની આરતીમાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રી સુકન્યા સમૃદ્ધિ યોજના અંતર્ગત મધુર ડેરીના ૬૫૦૦૦ દૂધ સભાસદો તથા કર્મચારી મિત્રોની દસ વર્ષથી નાની દીકરીઓના ખાતા ખોલાવી મધુર ડેરીએ પોતાના ધર્માદા ફંડમાંથી આ દીકરીઓનું પ્રીમીયમ ભરવાની ઉમદા પહેલ કરી હતી અને આવી કુલ ૫૦૦ દીકરીઓના ખાતા ખોલાવાનું આયોજન કર્યુ હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મધુર ડેરીના જનરલ મેનેજર હંસાબેન પટેલે કર્યું હતું.

# સ્વત્વ યોગા સ્ટુડિયો એન્ડ મેડીટેશન સેન્ટર દ્વારા ‘ચક્ર ધ્યાન’ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

સ્વત્વ યોગા સ્ટુડિયો એન્ડ મેડીટેશન સેન્ટર દ્વારા દરેક માસની પૂર્ણિમાની સંધ્યાએ વિભિન્ન પ્રકારના મેડિટેશન અંગે નિઃશુલ્ક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. શરદપૂર્ણિમાની રાત્રે પણ એક વિશેષ કાર્યક્રમ ‘ચક્ર ધ્યાન’નું આયોજન કરવામાં આવ્યું હતું.



માનવ શરીરને સંચાલિત કરતાં સાત ચક્રો અંગે વિસ્તૃત સમજણ સાથે આ ચક્રોને સક્રીય અને સંતુલિત કરવા માટેના ધ્યાન બાબત પ્રેકટિકલ્સ કરાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઓફલાઈન અને સ્થાનિક ઉપરાંત અન્ય શહેરો તેમજ વિદેશમાંથી પણ લોકો ઓનલાઈન જોડાયા હતા. સંસ્થાના માસ્ટર કોચ ડૉ. આનલ રાવલે માર્ગદર્શન આપ્યું હતું. ભવિષ્યમાં યોજાનાર આવા કાર્યક્રમોનો લાભ લેવા માટે સંસ્થાના ફોન નંબર ૮૯૦૮૩૫૦૧૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા દિવાલી શોપિંગ મેલાનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

દિવાળી એટલે નવપલ્લવિત થવાનો અવસર, દિવાળી એટલે સૌના માટે ખુશીઓનો તહેવાર ચીમકી દિવાળીમાં નવાં નવાં કપડાં, મીઠાઈઓ તેમજ ઘરમાં પણ નવી નવી ચીજવસ્તુઓ વસાવવામાં આવે છે. આ કારણે વર્ષોથી દિવાળીના આગમન અગાઉ ખરીદી કરવાનો ટ્રેન્ડ જોવા મળે છે અને વેપારીઓ દ્વારા પણ આ પ્રસંગે તેમના ઉત્પાદનો પર અનેક પ્રકારની ઓફરો કે છુટછાટ આપવામાં આવે છે પરંતુ બજારમાં માંગ વધવાથી ભાવો ઉંચકાવાની સ્થિતિ સર્જાતિ હોય છે. આ સ્થિતિમાં સામાન્ય મધ્યમ વર્ગને વ્યાજબી ભાવે ચીજવસ્તુઓ મળીરહે તે હેતુથી ગાંધીનગરના જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા આગામી તા.૨૩ અને ૨૪ ઓક્ટોબર દરમ્યાન દિવાલી શોપિંગ મેલાનું આયોજન કરવામાં આવ્યું છે. દિવાલી શોપિંગ મેલા સેક્ટર - ૭માં પટેલ વાડી ખાતે યોજાશે જેના માટે સ્ટોલ બુકીંગ શરૂ કરવામાં આવ્યું છે. સ્ટોલ બુકીંગ કરવા માટે જૈન સોશ્યલ ગૃપના પ્રશાંત મહેતાનો મો.નં. ૯૮૭૯૯ ૭૩૪૪૩ નંબર પર સંપર્ક સાધવા જણાવાયું છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં શરદપૂર્ણિમા નિમિત્તે ભૂલકાં-વાલીઓના ગરબા યોજાયા

ગાંધીનગર, તા.૨૧

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં શરદપૂર્ણિમા ને બુધવારે સાંજે શિશુ નિકેતન અને શિશુ પરામર્શન કેન્દ્ર દ્વારા ભૂલકાં અને વાલીઓના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંપરાગત પહેરવેશમાં આવેલાં બાળકો અને વાલીઓએ સતત બે કલાક સુધી સંગીતના તાલે ગરબાની મજા માણી હતી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય



કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહની પ્રેરણા અને કુલસચિવ શ્રી ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શન મુજબ, સ્કૂલ ઓફ ચાઈલ્ડ, યૂથ એન્ડ ફેમિલી ડેવલપમેન્ટના નિયામક ડૉ. રાકેશ પટેલ તથા વિદ્યાનિકેતનના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલના નેજા હેઠળ આ સમગ્ર આયોજન કરાયું હતું. સાંજે ચાર કલાકે ગરબાનો કાર્યક્રમ શરૂ થયો હતો. યુનિવર્સિટીના શ્રી હાર્દિકભાઈ ભટ્ટ તેમજ ડૉ. ભૈરવી દીક્ષિતે પોતાના સુમધુર કંઠથી ગરબા રજૂ કર્યા હતા અને ૧૦૦થી વધુ બાળકો-વાલીઓ તેમજ યુનિવર્સિટી પરિવારના સભ્યો બે કલાક સુધી ગરબે ઘૂમ્યા હતા. નવરાત્રિના પરંપરાગત રંગબેરંગી પહેરવેશમાં આવેલાં ભૂલકાંએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ પણ ગરબામાં જોડાયા હતા અને સૌને ગરબા રમવા પ્રેરણા આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન દિવ્યાબેન રાવળ દ્વારા કરવામાં આવ્યું હતું. ગરબા બાદ તમામ બાળકો-વાલીઓ તથા સ્ટાફે શરદપૂર્ણિમાના દૂધ-પૌંઆની લિજ્જત માણી હતી.

# જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં વેસ્ટ ટુ આર્ટ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૨૧

જે.એમ. ચૌધરી વિદ્યાલયના ધોરણ૧ થી ૮ના વિદ્યાર્થીઓએવેસ્ટ યુ આર્ટ સ્પર્દામાંભાગીલધો હતો. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ સ્પર્દાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પરિણામસ્વરૂપે દ્વિતિય નંબરે દિયા રાજપૂતને રૂ. ૧૦૦૦ આપ્યા હતા. જીએમસી દ્વરા બાળકોને ચેક આપવામાં આવ્યો હતો. વિજેતા બાળોકનેશાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# કેએસવી સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનના શરદ પૂનમના ગરબા યોજાયા

ગાંધીનગર, તા.૨૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.એડ. કોલેજમાં તાલીમાર્થીઓને ગુજરાતની સંસ્કૃતિનો ખ્યાલ સ્પષ્ટ થાય તે હેતુથી ગરબા તેમજ મહાઆરતીનું આયોજન કરાયું હતું. જેમાં તાલીમાર્થીઓએ ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબાની રમઝટ બોલાવી હતી. આ કાર્યક્રમ દરમિયાન ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન ડૉ.વીણાબેન પટેલ, કોલેજના એચ.ઓ.ડી. તેમજ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન કાજલબેન ગજ્જર, પ્રતિભા દિક્ષિતે કર્યું હતું.



# પ્રેરણા વ્યાયામશાળામાં યોગાસન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

પ્રેરણા વ્યાયામશાળા દ્વારા રાજપૂતસ ્માજ ભવન સે-૨૧ ખાતે ૨૨મીથી ૩૧ દરમિયાન સવારે ૬ થી ૭.૩૦ કલાકે યોગાસન શિબિરનું આયોજન કરેલ છે. આ શિબિરમાં યોગ સેવક વિરમભાઈ આર્ય દ્વારા ધ્યાન, યોગ, પ્રાણાયામ અને હેલ્ધી લાઈફ વિષે માર્ગદર્શન આપવામાં આવશે. આ શિબિરમાં ૧૫ વર્ષથી ઉપરના તમામ ભાઈઓ-બહેનો વિના મૂલ્યે ભાગ લઈ શકશે. દરેક શિબિરાર્થીએ પાથરણું સાથે લઈ જવાનું રહેશે. શિબિરના અંતે સંસ્થા તરફથી દરેક શિબિરાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે. આ શિબિરમાં બહોળો લાભ લેવા માટે રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ અને મહામંત્રી પ્રદીપસિંહ બિહોલાએ તમામ પ્રજાજનોને જાહેર અપીલ કરી છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ચૌહાણ ડાહ્યાભાઈ શકરાભાઈ, ઉ.વ. ૮૧, સેકટર-૭
- સ્વ. બિહોલા જીવીબેન ગુલાબજી, ઉ.વ. ૭૮, ધણપ
- સ્વ. વાળંદ મધુબેન સેવંતીભાઈ, ઉ.વ. ૪૮, સે-૨૪, છાપરાં
- સ્વ. વાઘેલા કૌશલ્યાબા દિગ્વિજયસિંહ, ઉ.વ. ૩૫, સે-૨૮

# દિવાળી પર્વ પૂર્વે ગીફટ-સ્વીટ બોકસ ઓન ડીમાન્ડ

ગાંધીનગર, તા.૨૧

કોઈ પણ તહેવારની ઉજવણી મીઠાઈની મીઠાશ વિના ફિક્કી રહી છે. મીઠાઈનો નાતો સદી, બેસદી નહીં પરંતુ હજારો વર્ષ જૂનો છે. આગામી દિવસોમાં દિવાળી પર્વની ઉજવણી કરાશે જેથી મીઠાઈની દુકાનોમાં તેજીનો માહોલ આવી ગયો છે. અગાઉ નવરાત્રી પર્વમાં પણ મીઠાઈની દુકાનોમાં ભરપૂર લાભ થયો છે ત્યારે અત્યારથી જ મીઠાઈની દુકાનોમાં મીઠાઈના ઓડર્સ આવી રહ્યા છે. મોટી મોટી ઓફિસોમાંથી મોટા પ્રમાણમાં મીઠાઈઓના ઓડર્સ આવી રહ્યા છે. જેમાં ખાસ કરીને કાજુ કતરી, માવાની મીક્સ મીઠાઈ, કાજુ બાસ્કેટની ડિમાન્ડ વધુ છે.

છેલ્લા ત્રણ ત્રણ દિવસથી મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં લાવ... લાવ... થઈ રહ્યું છે જેને કારણે મીઠાઈના વેપારીઓની રાત મોડીને સવાર વહેલી પડી રહી છે. મીઠાઈ એ પર્વોનું એક અવિભાજય અંગ છે. તેમાં પણ દિવાળી પર્વ હોય એટલે ગરીબથી માંડી તવંગર પરિવારો યથાશકિત પ્રમાણે મીઠાઈ તો ખરીદે જ છે.


પૂનમ બાદ મીઠાઈના વેપારીઓની દિવાળી શરુ થઈ જાય છે. ઓફિસોમાં નોકરી કરતાં કાર્યકરો દિવાળી પર્વની ગીફટ આપવા માટે પહેલી ચોઈસમાં મીઠાઈને જ પ્રાધાન્ય આપે છે. તેથી મીઠાઈના બોકસ દર દિવાળી પર્વમાં સૌથી વધુ વેચાતા હોય છે. દિવાળીમાં નાગરિકો એકબીજાને શુભેચ્છા પાઠલે છે અને સાથે સાથે મીઠાઈ અને ગિફટસ આપે છે. ગાંધીનગરમાં પોલીસ ડિપાર્ટમેન્ટ, શાળા કોલેજો, સરકારી કાર્યાલયો, પ્રાઈવેટ ઓફિસો સહિત ઓફિસરો દ્વારા મીઠાઈઓના ઓડર્સ દુકાનોમાં આપવામાં આવી રહ્યા છે.

શહેરની પ્રખ્યાત મીઠાઈઓની દુકાનો રાધે સ્વીટસ, વૃંદાવન સ્વીટસ, ગ્વાલિયા વગેરેમાં મીઠાઈ તથા અન્ય અવનવી વેરાયટી દિવાળી પર્વ નિમિત્તે આવી ગઈ છે.

દિવાળી પર્વમાં સૂકામેવાની ડિમાન્ડ વધારે હોય છે. દિવાળીની કોર્પોરેટ ગીફટમાં લોકો ડ્રાયફ્રુટસ આપવાનું વધુ પસંદ કરતા હોય છે. પરંતુ આ વર્ષે તેના ભાવ આસમાને પહોંચી ગયા છે. પેટ્રોલ, ડીઝલ, શાકભાજી, કઠોળ, ફળો અને ડ્રાયફ્રુટસ પણ મોંઘાદાટ થઈ ગયા છે. આ વર્ષે ડ્રાયફ્રૂટના ભાવમાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો થયો છે. વધતા જતા ભાવના કારણે ગ્રાહકોમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. દર વર્ષે જેટલી મીઠાઈઓ લેતા હતા તેના પ્રમાણમાં ઓછી લેવાની શકયતા પણ દેખાઈ રહી છે.

## દિવાળી સ્પેશિયલ આઈટમ

**ડ્રાયફ્રુટ બોકસ, ડ્રાયફ્રુટ ડિઝાઈનર ટ્રેઝ, ડ્રાયફ્રુટ હેન્ડ કાફટેડ બોકસ, સ્વીટસ, નમકીન, કુકીઝ, ચોકલેટ હેમ્પર્સ, ડ્રાયફ્રુટ મેટલ ટ્રેઝ, કાજુકતરી, કેસર કતરી, અંજીર કતરી, ડ્રાયફ્રુટ કતરી, બદામ કતરી, કાજુરોલ કેસર, કાજુ રોલ અંજીર, કાજુરોલ ચોકલેટ, કાજુ એપલ, કાજુ ગુલકંદ કટોરી, ડ્રાયફ્રુટ એકઝોટીકા, ડ્રાયફ્રુટ પિત્ઝા, અંજીર હલવા, કોકોનટ કતરી, દૂધી હલવા, ટોપરાપાક, રાધે બરફી, મોહનથાળ, ગુલાબજામુન, ઘુઘરા, પેંડા, ડ્રાયફ્રુટ બાઈટસ વિગેરે અવનવી દિવાળી પર્વની સ્વીટસ આ વખતે ઉપલબ્ધ છે.**



## દિવાળી પર્વની મીઠાઈઓનો ભાવ

| મીઠાઈ | ભાવ (પ્રતિ કિલો) |
|---|---|
| કાજુ કતરી | રૂ. ૮૮૦ સુધી |
| બકલાવા | રૂ. ૧૩૦૦-૧૪૦૦ સુધી |
| માવા સ્વીટસ | રૂ. ૪૮૦-૬૦૦ સુધી |
| દેશી ઘીની મીઠાઈ | રૂ. ૪૦૦-૫૦૦ સુધી |
| પેંડા | રૂ. ૪૦૦-૬૮૦ સુધી |
| ડ્રાયફ્રુટના બોકસ | રૂ. ૨૬૦-૨૫૦૦/૩૦૦૦ સુધી |
| ડ્રાયફ્રુટ બાઈટસ | રૂ. ૧૦૦૦ સુધી |